# Public Notice for Petition No. 2728/2026 Issued in Sandesh (Page No. 11) on dated 08th October-2026

## ગિફ્ટ પાવર કંપની લિમિટેડ

**જાહેર નોટિસ**

**ધી ગુજરાત ઈલેકટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન સમક્ષ**

બાબત:

વિદ્યુત અધિનિયમ, ૨૦૦૩ની કલમ ૬૩ તથા કલમ ૮૬ હેઠળ માનનીય વીજ નિયમન આયોગ (GERC) સમક્ષ દાખલ કરવામાં આવેલ અરજી નં.૨૭૨૮/૨૦૨૬ કે જેમાં ઇન્ટ્રા-સ્ટેટ ગ્રીડ સાથે જોડાયેલ રિન્યુએબલ એનર્જી (RE) પ્રોજેકટ્સ માંથી ૧૦ મેગાવોટ RTC રિન્યુએબલ એનર્જીની ખરીદી માટે "૧૦૦% સુધીના ગ્રીન શૂ વિકલ્પ" (Green Shoe Option) સાથે રિકવેસ્ટ ફોર સિલેકશન (RFS) ડોક્યૂમેન્ટ જારી કરવા અંગે મંજૂરી મેળવવા તેમજ એનર્જી સ્ટોરેજ સિસ્ટમ્સ સાથે ગ્રીડ-કનેકટેડ રિન્યુએબલ એનર્જી પાવર પ્રોજેકટ્સ પાસેથી ફર્મ અને ડિસ્પેચેબલ પાવરની ખરીદી માટેની ટેરિફ બેઝ્ડ કંપેટિટિવ બિડીંગ પ્રોસેસ અંગેની માર્ગદર્શિકા, જે ભારત સરકારના વીજ મંત્રાલય દ્વારા તા.૦૯.૦૬.૨૦૨૩ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તેની કલમ ૩.૧.૧ તથા કલમ ૧૭ હેઠળ જરૂરી/યોગ્ય ડિવિએશન્સ (વિચલનો)ને મંજૂરી આપવા તથા સમયાંતરે કરવામાં આવેલ સુધારાઓને અનુરૂપ જરૂરી મંજૂરી મેળવવા અંગે કરવામાં આવેલ છે.

......અરજદાર

૧. માનનીય GERC દ્વારા પિટિશન નં.૨૭૨૮/૨૦૨૬ અંગે તા.૦૩/૧૦/૨૦૨૬ના રોજ આપવામાં આવેલ દૈનિક આદેશના નિર્દેશાનુસાર, ઉપરોકત પિટિશન અંગે પોતાના સૂચનો/વાંધાઓ/અભિપ્રાયો રજૂ કરવા ઇચ્છતા હિતધારકો, આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયાની તારીખથી ૨ (બે) અઠવાડિયાની અંદર, તેમના સૂચનો વાંધાઓ અભિપ્રાયો સચિવશ્રી, ગુજરાત વીજ નિયમન આયોગ (GERC) ૬ઠો માળ, ગિફ્ટ વન, રોડ ૫-સી, ઝોન-૫, ગિફ્ટ સિટી, ગાંધીનગર-૩૮૨૦૫૦ સમક્ષ રજૂ કરી શકશે. તદ્ઉપરાંત, જે દસ્તાવેજો/પુરાવાઓ પર તેઓ આધાર રાખવા ઇચ્છતા હોય તેવા દસ્તાવેજો સોગંદનામા (Affidavit) સાથે, યોગ્ય રીતે સમર્થિત ૫ (પાંચ) સેટમાં રજૂ કરવાના રહેશે તથા તેઓ વ્યક્તિગત રીતે સુનાવણી માટે ઉપસ્થિત થવા ઇચ્છે છે કે કેમ તે પણ સ્પષ્ટપણે દર્શાવવાનું રહેશે. આવી રજૂઆતની એક નકલ ગિફ્ટ પાવર કંપની લિમિટેડના નીચે દર્શાવેલ નોંધાયેલ કાર્યાલયના સરનામે પણ મોકલવાની રહેશે.

૨. રસ ધરાવતા હિત ધારકોના સંદર્ભ અને અવલોકન માટે, ઉપરોકત પિટિશનની નકલ ગિફ્ટ પાવર કંપની લિમિટેડ, ઇપીએસ-બિલ્ડિંગ નં. ૪૯એ, બ્લોક ૪૯, ઝોન ૦૪, જ્ઞાન માર્ગ, ગિફ્ટ સિટી, ગાંધીનગર – ૩૮૨૦૫૦ ખાતેની કંપનીની કચેરીમાં નિરિક્ષણ માટે ઉપલબ્ધ રહેશે.

૩. ઉપરોકત પિટિશનની ઇલેકટ્રોનીક નકલ www.giftgujarat.in વેબસાઇટ પર 'ડેવલોપર સર્વિસીસ' વિભાગ હેઠળ 'અધર્સ' શીર્ષકમાં ઉપલબ્ધ છે.

ગિફ્ટ પાવર કંપની લિમિટેડ વતી
સહી-
નિયામક

રજીસ્ટર્ડ ઓફિસ: ગિફ્ટ પાવર કંપની લિમિટેડ, ઇપીએસ બિલ્ડિંગ નં.૪૯એ, બ્લોક ૪૯, ઝોન ૪, જ્ઞાન માર્ગ, ગિફ્ટ સિટી, ગાંધીનગર – ૩૮૨૦૫૦ (ગુજરાત) ભારત,
ફોન નં.: +૯૧-૭૯-૩૦૦૧૮૩૦૦

(માહિતી/૧૫૩૦/૨૦૨૬-૨૭)